**સુવિચાર**

''દેખાડીને જીવવા કરતાં જીવીને દેખાડવું હિતકારી છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૮/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ-૮ વર્ષ : ૧૭ અંક : ૨૧૧

## અમરેલીયનોની શાંતિને ખલેલ પહોંચાડતા તાલીમી વિમાનોની સમય મર્યાદા નક્કી કરો

# વ્હેલી સવારથી મોડી રાત્રિ સુધી સતત ઘોંઘાટથી શહેરીજનો તોબા પોકારી ગયા

- દર પાંચ મિનિટે શહેરમાં ઉડાઉડ કરતાં તાલીમી વિમાનોથી બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યકિત તોબા પોકારી ગયા
- અવારનવાર રજૂઆત કરવા છતાં પણ લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની રજૂઆતને ધ્યાને લેવાતી નથી
- એરપોર્ટ નજીકનાં ૧ કિ.મી. વિસ્તારનાં હજારો પરિવારો સતત ઘોંઘાટથી પરેશાન થઈ રહ્યા છે
- સાંસદ સુતરીયાએ નાગરિક ઉડ્ડયન વિભાગ સમક્ષ શહેરીજનોની સમસ્યા પહોંચતી કરવી જરૂરી





અમરેલી, તા. ૧૯

અમરેલી પંથકની જનતા ઉપર જમીનથી લઈને આસમાન સુધી આફતનો માહોલ છવાયો હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. શહેરમાં રખડુ શ્વાન, ભટકતા આખલાઓ અને નિઃસહાય થઈને ભટકતી ગૌમાતાનાં લીધે શહેરીજનો સતત અકસ્માતનો ભોગ અને રખડુ શ્વાનાં બચકાનો શિકાર બની રહ્યા છે અને તેનું નિરાકરણ કરવામાં શાસકો સદંતર નિષ્ફળ નિવડયા છે. તેવા સમયે છેલ્લા ર થી ૩ વર્ષથી અમરેલીમાં થયેલ પાયલોટ ટ્રેનિંગ સેન્ટર અને તેના ધ્વારા સમગ્ર પંથક ઉપર દિવસ–રાત ઉડતા તાલીમી વિમાનોની અવરજવર અને ઘોંઘાટથી સમગ્ર પંથકની ર લાખ જનતા તોબા પોકારી ગઈ છે.

અમરેલી પંથકની જનતામાં અપાર સહનશીલતા હોવાનો લાભ જનસેવકો લઈ રહ્યા છે. જાગૃત નાગરિકોએ તાલીમી વિમાનોની સમસ્યા દૂર કરવા અવારનવાર શાસકો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ખેડૂતને જમીનનો દસ્તાવેજ નહી કરી આપીને

# જાફરાબાદનાં હેમાળ ગામનાં વૃધ્ધ ખેડૂત સાથે ૮૦ લાખની છેતરપીંડી

### સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૯

જાફરાબાદ તાલુકાના હેમાળ ગામે માણસા રોડ ઉપર રહેતા સોંડાભાઈ વાલાભાઈ શિયાળ નામના ૬૫ વર્ષીય વૃદ્ધ ખેડૂતે હેમાળ ગામની સીમમાં લોર જવાના રસ્તે ઉપર આવેલ તે જ ગામે રહેતા આરોપી મનજીભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ
એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

પાર્ટ ટાઈમ
કમ્પ્યુટર ઓપરેટર
જોઈએ છે
પેજમેકર
ફોટોશોપ
કોરલડ્રોનો
અનુભવ જરૂરી
કામનો સમય
સાંજે
૪:૩૦ થી ૧૧:૩૦
અમરેલી એક્સપ્રેસ
જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી

### ખાણ–ખનિજ વિભાગે રેતી ચોરી સામે કરી લાલ આંખ

# અમરેલીનાં મેડી અને નાના માંડવડા ગામ નજીકથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી થતી ચોરી ઝડપાઈ

### ખાણ–ખનિજ વિભાગે એક ડમ્પર ઝડપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી




અમરેલી, તા. ૧૯

અમરેલી નજીક આવેલ શેત્રુંજી નદીમાં મોટાપાયે ખનિજ ચોરી થતી હોવાની ફરિયાદ ઉઠતી હોય. ત્યારે આજે અમરેલી તાલુકાના મેડી અને નાના માંડવાળા ગામની શેત્રુંજી નદીમાં બેફામ રીતે ચાલતી રેતી ચોરીની ફરિયાદના આધારે ખાણ–ખનીજ વિભાગે દોડી જઈ દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડા દરમિયાન લોડર, ટ્રેકટર અને ડમ્પર મારફતે રેતી ચોરી થતી હોવાનું સામે આવ્યું હતું. જો કે, ખનીજ માફિયાઓએ ખાણ–ખનીજ વિભાગના કર્મચારીઓને ધમકી આપી લોડર અને ટ્રેકટર સાથે નાસી છૂટયા હતા. ખાણ–ખનીજ વિભાગે એક ડમ્પર સીઝ કરી ખનીજ માફિયાઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

અમરેલી તાલુકાના મેડી અને નાના માંડવાળા ગામના લોકો દ્વારા શેત્રુંજી નદીમાં મોટા પાયે રેતી ચોરી

**અનુસંધાન પાના ૬ ઉપર**

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. વિરલ વસાણી – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૨૦/૦૮/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

ડો. આશુતોષ દુધાત્રા – ન્યુરો ફીઝીશ્યન
મગજના રોગોના નિષ્ણાંત
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧

ડો. જય વિઠલાણી – કાર્ડિયોલોજીસ્ટ
હૃદયરોગ નિષ્ણાંત
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૮૩ ૯૫૧૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક. ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

સુશ્રુત આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
ગેસ, એસીડીટી, કબજીયાત, ચામડીના રોગો
માનસીક રોગ, માઈગ્રેન, વજન ઘટાડવું
તમામ પ્રકારના વાં (દુઃખાવા), સ્ત્રીરોગ
વગેરેમાં જળમુળથી થતી પંચકર્મ સારવાર
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

૨૫ વર્ષ થી આપનો વિશ્વાસુ જવેલર
વિશ્વાસ અને સ્નેહનો એક વર્ષનો સરવાળો
અમારા ટાવર રોડ પરના નવા શો-રૂમને ૨૪-૦૮-૨૬ના રોજ એક વર્ષ પૂર્ણ થશે તેની શુભ ઉજવણી
1ST ANNIVERSARY
મધુવન મંગલ ઉત્સવ
અમારા શો-રૂમની મુલાકાત લો...
અને લકી ડ્રો મા ભાગ લેવાની સુવર્ણ તક અને ઇનામ જીતવાનો સોનેરી મોકો...
...ચૂકશો નહિ
મધુવન ગોલ્ડ આર્ટ
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 / 94264 23006
madhuvangold.in

## ભાવનગરનાં કથિત લઠ્ઠાકાંડ મુદ્દે કોંગી પ્રમુખની પ્રતિક્રિયા

# ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર : અમિત ચાવડા

**નાના અધિકારીઓને બલિના બકરા બનાવી સરકાર જવાબદારીમાંથી છટકી ન શકે**

**દારૂબંધીનો કડક અમલ નહી થાય તો યુવાપેઢીનાં ભવિષ્ય માટે કોંગ્રેસ રાજય વ્યાપી આંદોલન કરશે**

**ગાંધીનાં ગુજરાતમાં દારૂબંધીનાં કાયદાની અમલવારી કરવામાં સરકાર નિષ્ફળ રહ્યાનો આક્ષેપ**

**રાજયનાં યુવાધન અને હજારો પરિવારોનાં હિતમાં દારૂ સામે લાલ આંખ કરવી જોઈએ**



અમદાવાદ, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ ભાવનગર લઠ્ઠાકાંડ મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ ગાંધીજીનું ગુજરાત છે, જયાં દારૂબંધીનો કાયદો અમલમાં છે. પરંતુ આ સરકારના શાસનમાં દારૂબંધીના કાયદાના રોજેરોજ લીરેલીરા ઉડી રહ્યા છે. અગાઉ પણ ગુજરાતમાં અનેક વખત લઠ્ઠાકાંડ થયા છે અને ઝેરી તથા નકલી શરાબના કારણે અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. છતાં સરકાર આ ઘટનાઓમાંથી કોઈ બોધપાઠ લેવા તૈયાર નથી.

ગુજરાતની ચારે તરફની સરહદોમાંથી રોજ કન્ટેનરો ભરીને દારૂ ગુજરાતમાં ઘૂસે છે. રાજયમાં દારૂની રેલમછેલ છે. ડ્રગ્સના નેટવર્કના કારણે ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે.

આજે ભાવનગરમાં નકલી અને ઝેરી દારૂના કારણે બે લોકોના મોત થયાની ઘટના સામે આવી છે. આ બે લોકોના મોત માટે જવાબદાર કોણ ? સ્થાનિક પોલીસ સ્ટેશન ?, ડીવાયએસપી ?, એસપી ?, રેન્જ આઈજી ?, ડીજીપી ?, રાજયના ગૃહમંત્રી ? કે પછી મુખ્યમંત્રી. જયારે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં ખુલ્લેઆમ દારૂ વેચાતો હોય, દારૂનો વેપાર ધમધોકાર ચાલતો હોય અને દારૂના અડ્ડાઓ ધમધમતા હોય, ત્યારે હપ્તા વિના આ બધું શકય નથી.

ભાવનગરમાં ડુપ્લિકેટ દારૂના કારણે થયેલા મોત માટે સીધી જવાબદારી પોલીસ તંત્રની તો છે જ, પરંતુ તેની સાથે આ સરકારના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી પણ જવાબદારીમાંથી છટકી શકે નહીં. સરકારની નાક નીચે દારૂ વેચાય અને ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થાય, તો જવાબદારી માત્ર નાના અધિકારીની નક્કી કરીને સરકાર પોતાની જવાબદારીથી બચી શકે નહીં. લોકો મરતા રહેશે અને ગૃહમંત્રી રીલ્સ બનાવતા રહેશે ? દારૂ વેચાતો રહેશે, લોકો પીતા રહેશે અને નિર્દોષ લોકો મરતા રહેશે ?

સરકારને શરમ આવવી જોઈએ કે દારૂબંધીનો કાયદો હોવા છતાં ગુજરાતમાં નકલી અને ઝેરી દારૂના કારણે લોકોના જીવ જઈ રહ્યા છે. આ સ્થિતિ માટે જવાબદાર માત્ર દારૂ વેચનાર નથી; દારૂના ગેરકાયદેસર વેપારને છૂટો દોર આપતી અને આંખ આડા કાન કરતી સરકારના ગૃહમંત્રી અને મુખ્યમંત્રી પણ પણ એટલા જ જવાબદાર છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા દારૂબંધીના કાયદાના કડક અમલ માટે વારંવાર જાહેર કાર્યક્રમો કરવામાં આવ્યા છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ દારૂના અડ્ડાઓ પર જઈને જનતા રેડ કરી છે અને વિધાનસભામાં પણ વારંવાર દારૂબંધી, દારૂના ગેરકાયદેસર વેપાર અને ડ્રગ્સના મુદ્દા ઉઠાવવામાં આવ્યા છે.

આવનારા દિવસોમાં પણ જો આ સરકાર હપ્તાની લાલચમાં દારૂબંધીના કાયદાનો કડક અમલ નહીં કરે, તો ગુજરાતની નવી યુવા પેઢીને દારૂ અને ડ્રગ્સના નશાથી બચાવવા માટે કોંગ્રેસ પાર્ટી જનઆંદોલનના સ્વરૂપમાં મેદાનમાં ઉતરશે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર નહીં, પરંતુ જમીન પર પણ દેખાવી જોઈએ. દારૂબંધીના કાયદાનો કડક અને સંપૂર્ણ અમલ કરાવવાની આ લડાઈ કોંગ્રેસ જનતાની સાથે રહીને અંત સુધી લડશે.

---

### એસ.પી.નાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## રાજુલાનાં કડિયાળી ગામે રહેણાંક મકાનમાંથી ચોરી કરનાર ઈસમ ઝડપાયો

**ચોરી થયેલ તાંબા, પિતળનાં વાસણો કબ્જે કરાયા**



અમરેલી, તા. ૧૯

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલસીબી ટીમ મિલ્કત સબંધી આરોપીની સઘન તપાસ દરમિયાન બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એક શકમદ ઈસમ રાજુલા તાલુકાના કડીયાળી ગામે રહેતા સંજયભાઈ ઉર્ફે સુનીલ ધનજીભાઈ ખસીયાને તાંબા, પિતળ તથા કાંસાના વાસણો સાથે પકડી પાડી પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતા આશરે વીસેક દિવસ પહેલા રાત્રીના આશરે એકાદ વાગ્યાનાં અરસામાં પોતાની બાજુમાં રહેતા દિનેશભાઈ કાનાભાઈ ધાખડાનાં રહેણાંક મકાનમાં દીવાલ કુદી રૂમના દરવાજાનું તાળુ તોડી તાંબા, પિતલ તથા કાંસાના વાસણોની ચોરી કરેલાની હકીકત જણાવેલ હતી. મકાનમાંથી ઘરફોડ ચોરી કરેલની કબુલાત આપતા ઈસમની ત્રાંબા, પિતલ અને કાંસાનાં વાસણો મળી કુલ રૂપિયા ૧૫,૨૪૦નાં મુલામાલ સાથે અટકાયત કરતા પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઘરફોડ ચોરીનો અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલવામાં એલસીબી ટીમને સફળતા મળેલ હતી.

---

## મોટી કુંકાવાવમાં જુગારધામનાં ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૧૯

મોટી કુંકાવાવ ગામે રહેતા જગદીશભાઈ ચંદુભાઈ સોલંકી, આકાશભાઈ ઉર્ફે કાળો પ્રતાપભાઈ સોલંકી, વસીમભાઈ ઈલ્યાસભાઈ રાઠોડ, ભુપતભાઈ દેવચંદભાઈ ઝાલા, રાજેશભાઈ ગિરધરભાઈ મહેતા તથા મુકેશભાઈ નંદલાલભાઈ હરીયાણી સહીત છ ઈસમો મોટી કુંકાવાવ ગામે મનુભાઈ બોરડની વાડીની ઓરડી પાસે જાહેરમાં પૈસા તથા ગંજીપતાના પાના વડે તીનપત્તીનો હાર જીતનો જુગાર રમતાં હોય આ અંગે અમરેલી એલ.સી.બી.પોલીસને બાતમી મળતા દરોડો પાડી રોકડા રૂા. ૩૮,૮૦૦ ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન અમરેલી એલ.સી.બી.એ ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### અમરેલી જિલ્લામાં સિંહની મુશ્કેલી વધી રહી છે

## ધારી રાઉન્ડ વિસ્તારમાં ૮ થી ૧૦ માસનાં બાળસિંહનો મૃતદેહ મળી આવતા અરેરાટી

**સિંહબાળનું નિમોનિયાથી મોત થયાનું પ્રાથમિક તારણ**



અમરેલી, તા. ૧૯

ધારી રાઉન્ડ વિસ્તારમાં વધુ એક સિંહબાળનું મોત થતાં વન્યજીવપ્રેમીઓમાં ચિંતા પ્રસરી છે. સરસિયા રેન્જનાં છતડીયા બીટનાં રોજમાળ વિસ્તારમાં ખેડૂતને સિંહબાળ નો મૃતદેહ નજરે પડતા વનવિભાગને જાણ કરવામાં આવી હતી. વનવિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં આશરે ૮ થી ૧૦ માસનાં સિંહબાળનું મોત નિમોનિયાની બીમારીનાં કારણે થયું હોવાનું સામે આવ્યું છે.

અમરેલી જિલ્લાનાં ધારી રાઉન્ડ વિસ્તારમાં સિંહ બાળનાં મોતની વધુ એક ઘટના સામે આવી છે. સરસિયા રેન્જનાં છતડીયા બીટ હેઠળ ના રોજમાળ વિસ્તારમાં સિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો. ખેતરમાં આવેલા ખેડૂતનું સિંહબાળનાં મૃતદેહ પર ધ્યાન જતા તેમણે તાત્કાલિક વનવિભાગને જાણ કરી હતી.

આ અંગે જાણ થતાં સરસિયા રેન્જનાં વનકર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને મૃત સિંહબાળનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આશરે ૮ થી ૧૦ માસનાં સિંહબાળનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો. પ્રાથમિક તબીબી તપાસમાં સિંહબાળનું મોત નિમોનિયાની બીમારીનાં કારણે થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, મોતનું ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ અને તબીબી તપાસનાં અંતિમ તારણ બાદ સ્પષ્ટ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગીર અને આસપાસનાં સિંહ વિસ્તારમાં અગાઉ પણ સિંહબાળનાં મોતની ઘટનાઓ સામે આવી છે. ગત મે ૨૦૨૬માં ગીર લેન્ડસ્કેપમાં ટૂંકા સમયગાળામાં કેટલાક સિંહબાળનાં મોત થયા હતા. શરૂઆતમાં બેબેસિયા પરજીવીજન્ય રોગની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ બાદમાં સરકારી તબીબી તપાસમાં બેબેસિયા અને કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (સીડીવી) બંનેને મોતનાં કારણ તરીકે નકારી કાઢવામાં આવ્યા હતા અને ગરમી તથા તેના કારણે સર્જાયેલી નબળાઈને કારણ ગણાવવામાં આવ્યું હતું.

---

### રસાકસીભરી ચૂંટણીમાં ઐતિહાસિક વિજય મેળવ્યો

## અમરેલી જિલ્લા ખેતી બેન્કની જિલ્લા પ્રતિનિધિની ચૂંટણીમાં શંભુભાઈ દેસાઈનો વિજય

**તાલુકાનાં 3 પ્રતિનિધિની ચૂંટણીમાં પણ તેઓ વિજેતા**



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા ખેતી બેંકની ચૂંટણીમાં કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ શંભુભાઈ દેસાઈનો દબદબો જોવા મળ્યો હતો. જિલ્લા પ્રતિનિધિની ચૂંટણીમાં શંભુભાઈ દેસાઈ વિજેતા બન્યા હતા, જયારે અમરેલી તાલુકાનાં ત્રણ પ્રતિનિધિઓની ચૂંટણીમાં પણ શંભુભાઈ દેસાઈ સહિત તેમની પેનલનાં પ્રતાપભાઈ કાછડીયા તથા સામેની પેનલનાં કિશોરભાઈ કાનપરીયાનો વિજય થયો હતો.

અમરેલી જિલ્લા ખેતી બેંક એટલે કે ગુજરાત સ્ટેટ કો.–ઓપ. એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ બેંક લિ.ની અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકાનાં પ્રતિનિધિઓની ચૂંટણી અગાઉ જાહેર કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકાઓ પૈકી ૧૦ તાલુકામાં ત્રણ–ત્રણ પ્રતિનિધિઓ બિનહરીફ વિજેતા બન્યા હતા. જયારે અમરેલી તાલુકાનાં ત્રણ પ્રતિનિધિઓ તેમજ જિલ્લા પ્રતિનિધિની ચૂંટણી માટે આજે મતદાન યોજાયું હતું.

જિલ્લા પ્રતિનિધિની ચૂંટણી માટે કુલ ૬૭૪ મતદારો નોંધાયેલા હતા, જેમાંથી ૩૫૮ મતદારોએ મતદાન કર્યું હતું. મતગણતરી દરમિયાન ૩૬ મત રદ થયા હતા. ચૂંટણીનાં પરિણામમાં જિલ્લા પ્રતિનિધિ તરીકે કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ શંભુભાઈ દેસાઈનો ૭૪ મતે વિજય થયો હતો.

સાથે જ અમરેલી તાલુકાનાં ત્રણ પ્રતિનિધિઓની ચૂંટણીમાં પણ શંભુભાઈ દેસાઈ તથા તેમની પેનલના પ્રતાપભાઈ કાછડીયા અને તેમની સામેની પેનલનાં કિશોરભાઈ કાનપરીયાનો વિજય થયો હતો. મળેલી માહિતી મુજબ શંભુભાઈ દેસાઈને ૧૭૫ મત, પ્રતાપભાઈ કાછડીયાને ૧૫૩ મત અને કિશોરભાઈ કાનપરીયાને ૧૬૯ મત મળ્યા હતા.

આ પરિણામ સાથે ખેતી બેંકની ચૂંટણીમાં અમરેલી તાલુકામાં શંભુભાઈ દેસાઈ જૂથનો દબદબો જોવા મળ્યો હતો.

---

### મંડળના બાકીદારને

## શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળીનાં ચેક રીર્ટન કેસમાં એક વર્ષની કેદ

**એડવોકેટ ચંદ્રેશભાઈ મહેતા તથા અશોક બી. વાળાની દલીલો સફળ**





અમરેલી, તા. ૧૯

શ્રી અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લી ની શાખામાંથી આરોપી મહેન્દ્રભાઈ રામજીભાઈ સોલંકી એ રૂા. ૬,૧૦,૦૦૦ લોન(ધિરાણ) લીધેલ, ત્યારબાદ આ કામના આરોપી ફરિયાદી મંડળીમાં લોન(ધિરાણ) પેટેની રકમ તથા હપ્તા પૈકીની રકમ ફરિયાદી મંડળીમાં સમયસર પરત ભરતા ન હોય, આ અંગે ફરિયાદી મંડળી એ આ કામના આરોપીને જાણ કરતા આરોપી ફરિયાદી મંડળીમાં તા. ૭/૧૧/૨૦૨૪ના રોજ આવી હિસાબી બાકી લેણી રકમ રૂા. ૭,૦૬,૬૮૨ પુરાનો એકાઉન્ટ–પે નો ચેક નંબર–૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, અમરેલી શાખાનો આપેલો હતો. જે સુચના અનુસાર ફરિયાદી મંડળીએ તા. ૭/૧૧/૨૦૨૪ અમરેલી જિલ્લા મધ્ય સહકારી બેંક લીના ખાતામાં વટાવવા નાખતા તા. ૮/૧૧/૨૦૨૪ ના રોજ પરત થતા ફરિયાદી મંડળીના વકીલ મારફત નોટિસ આપવામાં આવેલ હતી તેમ છતાં આરોપીએ ફરિયાદી મંડળીની રકમ આપેલ નહીં જેથી મંડળી દ્વારા અમરેલી કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી, જે કેસ અમરેલી એડીચીફ કોર્ટમાં કેસ ચાલી જતા આરોપીને એક વર્ષની કેદ તથા રૂા.૭,૦૬,૬૮૨પુરા ની રકમ વળતર પેટે ફરિયાદી મંડળને ચૂકવવા હુકમ કર્યો છે. મંડળી વતી એડવોકેટ ચંદ્રેશ બી. મહેતા તથા અશોક બી. વાળા ની દલીલો માન્ય રાખતી કોર્ટ.

---

### વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા

## અમરેલીથી બાબા અમરનાથ સાહસિક યાત્રાનો પ્રારંભ થયો

**યાત્રાળુઓને પ્રસ્થાન કરાવવામાં આવ્યું**



અમરેલી, તા. ૧૯

વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ અને વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા સહ મંત્રી રશિમનભાઈ ત્રિવેદી, જિલ્લા કોષાધ્યક્ષ ડો.પંકજભાઈ ત્રિવેદીની ખાસ ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદ –બજરંગ દળ દ્વારા જમ્મુ સ્થિત બાબા અમરનાથ સાહસિક યાત્રાનું આયોજન કરેલ, જયાં અમરેલી માંથી સૌરાષ્ટ્ર પ્રાંતના નિધિ પ્રકોસ્ટ હંસાબેન મકાણી, સૌરાષ્ટ્ર પ્રાંતના સત્સંગ સંયોજીકા રમીલાબેન પટોળીયા સાથે યાત્રાળુનું વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર મંત્રી પંકજભાઈ કાનાણી, બજરંગ દળ સહ સંયોજક મયુરભાઈ જેઠવા, ગૌ સેવા સહ સંયોજક આશિષભાઈ જોષી, માતૃ શક્તિ સયોજીકા આરતીબેન ચોવટિયા, સહ સયોજીકા પૂર્વીબેન ગોહિલ, સેવા સયોજિકા હિરાબેન ભુવા અને નગર ટીમ દ્વારા નાગદેવતા મંદિરના મહંત હાર્દિકગિરી બાપુના હાથે શ્રીફળ અને સાકર પડા આપી પ્રસ્થાન કરવામાં આવ્યું, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા બજરંગ દળ વિધાર્થી સહ સંયોજક ભવ્યભાઈ સવાણી, જિલ્લા દુર્ગા વાહિની સહ સયોજીકા – હિરલબા વાળા, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર નીરજભાઈ ખૂબચંદાણી, ઘનશ્યામભાઈ કાબરીયા, પ્રકાશભાઈ રાજગોર અને અન્ય કાર્યકર્તા હાજર રહ્યા હતા.

---

### ૭૭માં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી

## અમરેલીમાં તા. ૨૧ ઓગષ્ટે ૭૭માં જિલ્લા કક્ષાના વન મહોત્સવનો કાર્યક્રમ યોજાશે

**ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વૃક્ષારોપણ થશે**

અમરેલી, તા. ૧૯

ગુજરાત સરકારના વન વિભાગ અંતર્ગત સામાજિક વનીકરણ વિભાગ, અમરેલી દ્વારા તા. ૨૧.૦૮.૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે અમરેલી સ્થિત વિદ્યાસભા સંકુલ ખાતે ૭૭મા જિલ્લા કક્ષાના વન મહોત્સવ–૨૦૨૬ની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે આ મહોત્સવ ‘એક પેડ મા કે નામ ૩.૦’ ના મંત્ર સાથે યોજાશે. આ કાર્યક્રમમાં કાયદો અને ન્યાયતંત્ર, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહીને ગ્રીન ગુજરાતના સંકલ્પને વેગ આપશે.

આ ઉજવણીમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવાડીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત જિલ્લાના સર્વ ધારાસભ્યો સહભાગી બનશે અને વૃક્ષારોપણ કરવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ અર્થે ‘વૃક્ષરથ’ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવશે. સામાજિક વનીકરણ વિભાગ દ્વારા અમરેલીના તમામ પ્રકૃતિપ્રેમી નાગરિકોને આ હરિત ઉત્સવમાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

---

### વિવિધ ૧૧ જેટલી માંગણીઓને લઈને

## અમરેલીમાં પોસ્ટલ અને આર.એમ.એસ. પેન્શનરો દ્વારા આવેદનપત્ર પાઠવાયું

**પોસ્ટ માસ્તર મારફત પ્રધાનમંત્રીને આવેદન મોકલાયુ**

અમરેલી, તા. ૧૯

અમરેલીમાં ઓલ ઈન્ડિયા પોસ્ટલ અને આર.એમ.એસ પેન્શનર એસોસિએશન દ્વારા સીએચકયુ દિલ્હીના આદેશ મુજબ સમગ્ર દેશમાં એક આંદોલનનો કાર્યક્રમ આપવામાં આવેલ તેના ભાગરૂપે અમરેલી ડિવિઝનમાં એક મેમોરેન્ડમ દેશના વડાપ્રધાનને પોસ્ટ માસ્તર અમરેલી મારફતે આપવામાં આવેલ હતુ એસોસિએશન દ્વારા મુખ્ય ૧૧ વિવિધ માંગણીઓને ધ્યાનમાં લઈ આવેદનપત્ર આપવામાં આવેલ હતુ આ કાર્યક્રમમાં પોસ્ટલ પેન્શનર એસોસિએશનના પ્રમુખ એમ.એ. દીક્ષિત, કારોબારીના સભ્યો પી.બી. ધાનાણી, એસ.એમ. સુવાગીયા, એસ.પી. દવે, એ. આર. ગોહિલ, એન.જે. રાઠોડ તથા એસોસિએશનના દરેક હોદ્દેદારો દ્વારા પોસ્ટ માસ્તર આર.એમ. દેવમુરારીને આવેદન પત્ર આપવામાં આવેલ હતું.

## ખાનગી એજન્સીને નિભાવણી માટે રૂપિયા પાંચ કરોડનું કામ અપાયા બાદ

# સાવરકુંડલાની પાણી-પુરવઠા બોર્ડની કચેરીની મીઠ્ઠી નજરતળે દે ધનાધન

**નિભાવણીની કામગીરી કરનાર એજન્સીએ નિયમોનો ઉલાળીયો કરીને વ્યાપક આર્થિક ગેરરીતિ કર્યાનો આક્ષેપ**

**પાણીમાં ક્લોરીન નાખવામાં ઠાગાઠૈયા સહિતની વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થયાનું જણાવી તપાસની માંગ**

**નિભાવણી માટે અનેક નામ લાગતા-વળગતાનાં દર્શાવીને તેનાં નામે નાણા ઉપાડી લેવાયાનો આક્ષેપ**

**શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને તપાસની કરી માંગ**



સાવરકુંડલા, તા. ૧૯

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સાવરકુંડલા કચેરી તથા અમરેલી વડી કચેરી દ્વારા કામ કરનાર એજન્સી સાથે મેળાપીપણું કરી કરોડો રૂપિયાનો ગોટાળો કરી કૌભાંડ આચરવામાં આવ્યું છે અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સાવરકુંડલા વિભાગમાં એજન્સી દ્વારા નિભાવણી માટે રૂપિયા ૫ કરોડનું ટેન્ડર મેળવેલ હતું, જેમાં એજન્સી દ્વારા ખૂબ જ મોટાપાયે ગેરરીતિઓ કરેલ છે. જેમાં પાણી વિતરણ વ્યવસ્થામાં પાણીમાં કલોરીન નાખવામાં આવતું નથી. દરેક પંપિંગ સ્ટેશન ઉપર ખૂબ જ ગંદકી જોવા મળે છે, જેથી લોકોનું આરોગ્ય જોખમાય છે, આ વિસ્તારમાં ચોમાસા દરમિયાન ડહોળું પાણી વિતરણ કરવામાં આવતું હોવાથી લોકો બીમાર પડી જાય છે અને ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળે છે, તદ્ઉપરાંત એજન્સી દ્વારા નિભાવણી માટેના માણસોના સપ્લાયમાં પણ મોટાપાયે ગેરરીતિઓ કરી કૌભાંડ આચરવામાં આવેલ છે, મિકેનિકલ અને સિવિલ વિભાગમાં ખોટા નામો દર્શાવી બારોબાર પગાર ઉપાડી લેવામાં આવેલ છે, ઘણી જગ્યાએ એક સરખા નામ પણ જોવા મળે છે, પંપીંગ સ્ટેશન અને હેડ વર્કસના રજીસ્ટરમાં અસંખ્ય બોગસ નામો ચાલી રહ્યા છે અને લાખો રૂપિયાના ખોટા પગાર ઉપાડી લેવામાં આવે છે, ઘણી જગ્યાએ પરિવારના બધા સભ્યોના નામ દર્શાવી ખોટા પગાર ઉપાડી લેવામાં આવે છે. હાજરી પત્રક અને રજીસ્ટરમાં ઓન પેપર ઘણા નામો દર્શાવેલ છે પરંતુ હેડ વર્કસ અને પંપિંગ સ્ટેશનમાં રૂબરૂ તપાસ કરતા એકાદ ગણ્યા ગાંઠયા કર્મચારી જ જોવા મળે છે અને જે કર્મચારી નિયમિત નોકરી કરે છે તેને પણ પગાર પત્રકમાં દર્શાવેલ પગાર કરતા ઘણો ઓછો પગાર આપવામાં આવે છે. આમ એજન્સી દ્વારા કર્મચારીઓનું શોષણ પણ કરવામાં આવે છે, એજન્સીમાં કામ કરતાં ભાગીદાર કે કર્મચારીના નામે પણ ખોટા પગાર લેવામાં આવે છે, આમ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને એજન્સી દ્વારા સાથે મળી કૌભાંડ આચરી, ગેરરીતિઓ કરી, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. જે અંગે સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ગાંધીનગર ખાતે રાજયકક્ષાના ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં ફરિયાદ કરી પગલાં લેવા રજૂઆત કરવામાં આવેલ છે.

## અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ



અમરેલી, તા. ૧૯

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમેલીના વિદ્યાર્થિનીએ તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજીત (એચ.એન. કોટક સાયન્સ કોલેજ, રાજકોટ સંચાલિત) આંતર કોલેજ જુડો સ્પર્ધામાં રાજકોટ મુકામે ભાગ લીધેલ હતો જેમા આ કોલેજની એફ.વાય.બી.એ. ની વિદ્યાથનિી જતાપરા જાનવી એ -૬૩, કે.જી વજન કેટેગરીમાં ભાગ લઈ તૃતીય ક્રમ હાંસલ કરી કોલેજનું ગૌરવ વધારેલ છે.

આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ જાનવી જતાપરાને તાલીમ આપનાર ડી.એલ.એસ.એસ.ના કોચ ધ્રુવરાજ તથા માર્ગદર્શક ડો. જયશ્રીબેન મકવાણાને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વિલાસબેન સોરઠીયા, વિદ્યાસભાના ટ્રસ્ટીઓ તથા કોલેજ સ્ટાફ પરિવારે ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છા પાઠવેલ છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર

The Indian EXPRESS

શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો

પ્રકાશભાઈ ચંદારાણા

મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa Mo. 98980 52364

PRIME PROPERTY

Sell • Purchase • Lease

Commercial • Residential • Plotting

Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA

413, Star Plaza, Phulchhab Chowk, Rajkot

+91 98980 52364 / 93770 03636

Jaydeep Rayththa1983@Gmail.Com

હમરાજ ગાઠીયા હાઉસ

શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા

અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી

દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે

બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં

સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, કિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી

સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪















# અમરેલી ખાતે શ્રી ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતી મંડળ દ્વારા ત્રિવિધ સમારોહ યોજાયો







વિદ્યાર્થી સન્માન સભા, ૭૫ વર્ષ પુર્ણ કરેલ વડીલોનું સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું સુંદર આયોજન વર્ધમાન બેન્ક વે હોલ, અજમેરા સ્કુલ ખાતે આયોજન થયેલ. સૌ પ્રથમ દિપ પ્રાગટય ડો. મુકુન્દભાઈ પંડયા પ્રો. હર્ષદભાઈ પંડયા, પ્રમુખ રાજેશભાઈ પંડયા, ઉપપ્રમુખ રમેશભાઈ પંડયા, ડો. એસ.આર. દવે મહેશભાઈ જાની, કિશોરભાઈ જોષી ટ્રસ્ટી દ્વારા કરવામાં આવેલ. વડિલ વંદના કાર્યક્રમમાં ૭૫ વર્ષ પુર્ણ કરેલ જ્ઞાતિના વડિલો, મહેશભાઈ જાની, યશવંતરાય વ્યાસ, મહેન્દ્રભાઈ ત્રિવેદી, જીતેન્દ્રભાઈ પંડયા, નરેન્દ્રભાઈ પંડયા,ડો. એસ.આર. દવે, સરોજબેન વૃંદાવનભાઈ દવે તેમજ લગ્ન જીવનના ૫૦ વર્ષ પુર્ણ કરતા સુર્વણ જયંતી વર્ષ નિમિતે મેનાબેન અને યશવંતરાય વ્યા, હિરાબેન અને મહેશભાઈ જાનીનુ સન્માન કરવાનાં આવેલ.

### ઢોલ–નગારાના તાલે નીકળી સમરસતા સંકલ્પ યાત્રા

## લુણકીમાં ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦ મી જન્મજયંતિ નિમિત્તે 'સમરસતા સંકલ્પ યાત્રા'

### જય ગુરૂદેવ, ધન ગુરૂદેવ ના નાદથી ગુંજી લુણકી



બાબરા, તા.૧૯

બાબરા તાલુકાના લુણકી ગામે સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે સામાજિક સમરસતા, સમાનતા અને સેવાનો સંદેશ જન–જન સુધી પહોંચાડવાના ભગીરથ હેતુથી ભવ્ય " સમરસતા સંકલ્પ યાત્રા'' તથા કળશ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લુણકી ગામના ગડેશ્વર મહાદેવ મંદિર ખાતે વિવિધ આગેવાનોની ઉપસ્થિતિમાં કળશપૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઢોલ – નગારાના તાલ સાથે ''સમરસતા સંકલ્પ યાત્રા''નો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યાત્રા દરમિયાન ''જય ગુરૂદેવ, ધન ગુરૂદેવ''ના ગગનભેદી નાદથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને ઉત્સાહભર્યું બની ગયું હતું.

સંત શિરોમણી શ્રી ગુરૂ રવિદાસ મહારાજે સમાજને આપેલા સમાનતા, ભાઈચારો, માનવતા અને સામાજિક એકતાના સંદેશને જીવનમાં ઉતારવા તેમજ તેમના વિચારોને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાના સંકલ્પ સાથે યોજાયેલી આ યાત્રાને ગ્રામજનોએ પણ ઉત્સાહપૂર્વક આવકારી હતી.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સહકાર સમિતિના ચેરમેન અમરશીભાઈ વાઘેલા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ જયાબેન ગેલાણી, સહીતના સ્થાનિક ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, સામાજિક આગેવાનો તેમજ લુણકી ગામના મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. કળશ યાત્રાનું ગ્રામજનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમરસતા સંકલ્પ યાત્રા થકી 'સૌ સાથે, સૌના માટે અને સૌનો સમાન અધિકાર' જેવા માનવતાવાદી વિચારોને જનમાનસ સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, એકતા અને સામાજિક સમરસતાના વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો.

## લીલીયા મોટા : સંત રવિદાસજીની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે કાશીની પવિત્ર માટીનું વિતરણ



લીલીયા, તા. ૧૯

લીલીયા મોટામાં સંત શિરોમણી રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય કળશ યાત્રાનું તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણીની આગેવાનીમાં આયોજન કરવામાં આવ્યું હતું સૌ પ્રથમ વડવાળા હનુમાનજી મંદિર ખાતે હનુમાન ચાલીસા પાઠ કરી આ યાત્રા વડવાળ । હનુમાનજી મંદિરથી અટલધારા કાર્યાલય સુધી યોજાઈ હતી. આ યાત્રા પવિત્ર માટીનાં કળશ સાથે શરૂ થઈ હતી. આ કળશમાં કાશી સ્થિત સંત રવિદાસજી મહારાજનાં જન્મસ્થળ ગોવર્ધનપુરની પવિત્ર માટી લાવવામાં આવી હતી અને તેને સ્થાપિત કરવામાં આવી હતી યાત્રાનું અટલધારા કાર્યાલય ખાતે સમાપન થતા લીલીયા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા કાર્યકરોને પવિત્ર કળશ અર્પણ તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ધર્મેશ દેસાઈ, ભીખાભાઈ ધોરાજીયા, કેશવભાઈ બગડા, રમેશભાઈ પરમાર, હરેશભાઈ રાઠોડ, હિતેશ પરમાર, આર.કે. બગડા, પરેશ પહાડા, પ્રવીણ ચોપડા, કિરીટ રવાણી સહિત વિવિધ સેલ મોરચાનાં હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંત રવિદાસજી મહારાજનાં સમાનતા, સેવા અને સામાજિક સમરસતાનાં વિચારોને ગામેગામ પહોંચાડવાનાં સંકલ્પ સાથે આ કળશ વિતરણ અભિયાનને આગળ ધપાવવામાં આવી રહ્યું છે.

### સેવાકાળ દરમિયાન ઉમદા કામગીરી કરનાર

## લાઠીનાં પ્રાંત અધિકારીની બદલી થતાં વિદાય કાર્યક્રમ યોજાયો

### ભાજપ અગ્રણીઓએ કામગીરીની પ્રશંસા કરી




બાબરા, તા. ૧૯

લાઠી ખાતે ફરજ બજાવી રહેલા પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટની સુરત (અડાજણ) ખાતે બદલી થતાં તેમની સાથે શુભેચ્છા મુલાકાત યોજવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનો દ્વારા સાકરનો પડો આપી તેમનું સન્માન કરી ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટે લાઠી ખાતેના પોતાના સેવાકાળ દરમિયાન ફરજ પ્રત્યેની નિષ્ઠા, કાર્યદક્ષતા તથા સેવાભાવ સાથે જવાબદારીઓ નિભાવી હતી. ઉપરાંત સૌ સાથેના તેમના સૌહાર્દપૂર્ણ અને સરળ વ્યવહારને પણ ઉપસ્થિત આગેવાનો દ્વારા બિરદાવવામાં આવ્યો હતો.

તેમની બદલીને પગલે ઉપસ્થિત આગેવાનો દ્વારા તેમની સેવાઓ બદલ હાર્દિક અભિનંદન પાઠવી સુરત ખાતે મળેલી નવી જવાબદારી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી. નવી જગ્યાએ પણ તેઓ પોતાની કાર્યદક્ષતા, નિષ્ઠા અને સેવાભાવથી ઉત્તમ કામગીરી કરી નામના મેળવે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ શુભેચ્છા મુલાકાત અને વિદાય પ્રસંગે પૂર્વ અમરેલી જિલ્લા પંચાયત સભ્ય નીતિનભાઈ રાઠોડ, ખાખરીયા ગ્રામ પંચાયતના સરપંચ વિપુલભાઈ કાચેલા તેમજ કોળી સમાજના યુવા આગેવાન ગોપાલભાઈ બાવળિયા ઉપસ્થિત રહ્યા હતા.

### વીર શહીદ મનિષ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા

## અમરેલીમાંથી આર્મી જવાનોને રક્ષાબંધન પર્વને લઈને રાખડીઓ મોકલવામાં આવી


### ''નારી તુ નારાયણી'' નાં બહેનો દ્વારા રાખડી મોકલાઈ



અમરેલી, તા. ૧૯

અમરેલીનાં વિર જવાન મનિષ મહેતાને શ્રધ્ધાંજલિ રૂપે દર વર્ષે રોકેટ રજીર્મેન્ટ હરિયાણા ખાતે ટ્રસ્ટ ધ્વારા ૩૦૦થી વધુ જવાનો માટે રાખડીઓ મોકલાય છે. આ વર્ષે નારી તુ નારાયણીનાં બહેનો હસ્તે વિર જવાનોને રાખડીઓ મોકલવામાં આવી હતી. સાથે અમરેલીમાં રજા પર આવેલા આર્મી જવાન સન્ની મકવાણા, ગોવિંદ રાતડીયાને રાખડી બાંધી દેશનાં રક્ષકોને લાંબુ આયુષ્ય મળે એવી શુભકામનાઓ પાઠવી હતી. આ તકે નારી તુ નારાયણીનાં રમીલાબેન પટોળિયા, યશોધરાબેન પંડયા, ગોપીબેન ચાવડા, ઉર્વીબેન ગોહેલ, ચેતનાબા બસન, માનસીબેન બસન, હીરવાબેન મકવાણા, હિરલબા વાળા ધ્વારા જવાનોને રક્ષાસુત્ર બાંધવામાં આવ્યા હતા. વીએચપી ટીમ વતી વીજયભાઈ દેસાઈ, રશ્મિનભાઈ ત્રિવેદી, પંકજભાઈ કાનાણી સાથી સદસ્યઓ હાજર રહ્યા હતા. તેવુ વિર શહીદ મનિષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટનાં પ્રમુખ પ્રકાશ મહેતા ધ્વારા જણાવેલ હતું.

## રાજુલાના કુંભનાથ મંદિરે ભક્તજનોની ભીડ ઉમટી



રાજુલા તા. ૧૯

કુંભનાથ મહાદેવ પૌરાણિક મંદિર છે રાજુલા કુંભનાથ મહાદેવ મંદિર આવેલ હોય શ્રાવણ માસ આજે પ્રથમ સોમવાર ભક્તોની ભીડ જોવા મળી હતી કુંભનાથ મહાદેવ મંદિર પેરાણિક પાંડવો કથા જોડાયેલ હોય રાજુલા આસપાસ ભક્તો પુજા–દર્શન લાભ લઈ રહ્યા છે રાજુલા ચિરાગ બી. જોષી દ્વારા જણાવેલ કે પૌરાણિક કથા છે વનવાસ દરમ્યાન આ વિસ્તાર પાંડવો આવે છે ત્યારે વ્રત હોવાથી માતા કુંતા શિવ લીંગ પુજા કર્યા પછી ભોજન કરે છે જેથી આસપાસ મંદિર હોતુ નથી ભીમ વ્યાકુળ બને જાતે કૂભં મુકી થાળ બનાવી માતા પુજન કરી ભોજન કરે છે ભીમ વ્યાકુળતા અંત આવતા હાસ્ય સુજે છે કુંભ હટાવી દેતા નિચે ટચલી આંગળી જેવડું શિવલિંગ સ્વયંભુ પ્રગટ થાય છે જેથી પાંડવ ફરી પુજા કરી મંદિરનુ નિર્માણ કરેલુ છે રાજુલા શિવ ભક્તો ખુબ આસ્થાથી દર્શન કરે છે પ્રથમ સોમવાર ભક્તો ભીડ જોવા મળી હતી.

### સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અને વીર જવાનોને શ્રધ્ધાજંલિના ભાગરૂપે

## અમરેલીની સાયન્સ કોલેજનાં વિદ્યાર્થીઓએ વીજળી, પાણી, ઈંધણ બચાવવાનો સંકલ્પ કર્યો

### ૭૭૭ સંકલ્પ યજ્ઞની પ્રત્તો જિલ્લા કલેકટરને સૂપ્રત



અમરેલી, તા.૧૯

સ્વાતંત્ર પર્વની ઉજવણીનાં ભાગરૂપે વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવાનાં હેતુથી કમાણી સાયન્સ કોલેજનાં પ્રોફેસર ડો.જવલંત ત્રવાડીનાં માર્ગદર્શન નીચે સાયન્સ કોલેજનાં વિધાર્થીઓએ વીજળી, પાણી, ઈંધણ, પર્યાવરણ બચાવવાનો સંકલ્પ યજ્ઞ કર્યો અને લોકોને તે માટે જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. અને કુલ ૭૭૭ સંકલ્પ યજ્ઞની પરતો જિલ્લા કલેકટરને સુપ્રત કરી હતી.આ સમગ્ર કાર્યમાં આર્યન પરમાર, મારૂ તુષાર, કુ.દુર્વા પંડયા અને સાથી વિધાર્થી મિત્રોએ ખંતથી સામાજિક જવાબદારી નિભાવી હતી.

# અમરેલીની સુપ્રસિધ્ધ શીતલ આઈસક્રીમ બ્રાન્ડ હવે કર્ણાટકના બેંગલુરૂમાં પણ ઉપલબ્ધ







શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડની પ્રતિષ્ઠિત બ્રાન્ડ શીતલ આઈસક્રીમ દ્વારા આજે કર્ણાટક રાજયના બેંગલુરૂ ખાતે પોતાની ડિસ્ટ્રિબ્યુશન ચેનલનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સાથે શીતલ આઈસક્રીમની દેશવ્યાપી વિસ્તરણ યાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ સીમા ચિહ્ન ઉમેરાયું છે. શીતલ આઈસ્ક્રીમની પ્રોડકટ યુએસએફડીએ સ્ટાન્ડર્ડ તથા જીસી પાસ દૂધના સ્ટાન્ડર્ડ સાથે બનાવીને વેચવા માટે પ્રખ્યાત છે. શીતલ આઈસક્રીમ દ્વારા ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, જમ્મુ–કશ્મીર, પંજાબ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઓડિશા સહિતના વિવિધ રાજયોમાં પોતાની પ્રોડકટ સફળતા પૂર્વક ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હવે કર્ણાટકમાં પણ શીતલ આઈસક્રીમના ઉત્પાદનો ગ્રાહકો સુધી પહોંચાડવાની શરૂઆત કરવામાં આવી છે. કંપની માત્ર ભારતમાં જ નહીં, પરંતુ ૧૬થી વધુ દેશોમાં જેમકે અમેરિકા, જાપાન, સિંગાપુર, મોરેશિયસ, યુએઈ, ઓસ્ટ્રેલિયા,જાંબિયા, લાઈબિરિયા, સ્વીટઝરલેન્ડ, યુગાન્ડા, ઈન્ડોનેશિયા, દુબઈ, નેપાલ, માલાવી, સેનેગલ, કુવેત તથા ભૂતાન જેવા દેશોમાં પોતાની પ્રોડક્ટ્સની નિકાસ કરીને વૈશ્વિક સ્તરે પણ પોતાની આગવી ઓળખ બનાવી રહી છે. ગુણવત્તા, વિશ્વાસ અને ગ્રાહકોની પસંદગીના આધારે શીતલ આઈસક્રીમ સતત પ્રગતિના પંથે આગળ વધી રહી છે. આ ઐતિહાસિક પ્રસંગે બેંગલુરૂ માટેના શીતલ આઈસક્રીમના પ્રથમ કન્ટેનરને કંપનીના મેનેજિંગ ડિરેકટર દિનેશભાઈ ભુવા, ભુપતભાઈ ભૂવા, સંજયભાઈ ભુવા, હાર્દિકભાઈ ભુવા, કલ્પેશભાઈ મહેતા તથા શીતલની સેલ્સ અને માર્કેટિંગ ટીમ દ્વારા લીલી ઝંડી આપી રવાના કરવામાં આવ્યું. કર્ણાટકમાં ડિસ્ટ્રિબ્યુશન ચેનલના પ્રારંભ સાથે શીતલ આઈસક્રીમના વિસ્તરણને નવી દિશા અને નવી ગતિ મળશે.કંપનીનો ઉદ્દેશ્ય દેશના વધુમાં વધુ શહેરો અને વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત શીતલ બ્રાન્ડની પ્રોડક્ટ ગ્રાહકો સુધી પહોંચાડવાનો છે. કર્ણાટકથી શરૂ થયેલી આ નવી સફર શીતલ બ્રાન્ડ ને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિકાસયાત્રામાં વધુ એક ગૌરવપૂર્ણ અધ્યાય બની છે.

# અમરેલીનાં નીલકંઠ જવેલર્સ ખાતે ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય અને દેશભક્તિસભર ઉજવણી










અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન યોજાયેલા રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને પગલે સમગ્ર શહેરમાં અનોખો દેશપ્રેમ અને રોનક છવાયેલી હતી. આ રાષ્ટ્રીય ઉત્સાહ વચ્ચે દર વર્ષની પરંપરા મુજબ અમરેલીનાં નીલકંઠ જવેલર્સ ખાતે પણ ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે સમગ્ર શોરૂમને ત્રિરંગાની થીમ, રંગબેરંગી ફુગ્ગાઓ, આકર્ષક પુષ્પો, રાષ્ટ્રપ્રેમનાં પોસ્ટરો અને ભવ્ય પ્રવેશ ગેટથી શણગારવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર પરિસરમાં દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં લાયન્સ કલબ અમરેલી, રોટરી કલબ અમરેલી, લાયન્સ મેઈન, લક્ષ્મીનારાયણ યુવક મંડળ, રોટ્રેકટ કલબ ઓફ અમરેલી, રોટરી ગીર અમરેલીનાં પ્રેસિડેન્ટ તથા મેમ્બર્સ તેમજ કલાપી ગ્રૂપ ઓફ લાઠીનાં અગ્રણીઓ ઉપસ્થિત રહૃાા હતા. આ સાથે વેપારી મહામંડળનાં આગેવાનો, નગરપાલિકાનાં સદસ્યઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ રાજકીય મહાનુભાવો પણ મોટી સંખ્યામાં હાજર રહૃાા હતા. આ ઉપરાંત ભુવા તથા દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્કીમ પરિવાર) તેમજ અમરેલીનાં જાણીતા તબીબો ઉપસ્થિત રહૃાા હતા, જેમાં શિવશક્તિ હોસ્પિટલનાં ડો. નીતિનભાઈ ત્રિવેદી પણ પોતાના સમગ્ર સ્ટાફ સાથે સહભાગી થયા હતા. કાર્યક્રમની શોભા વધારવા મૂકબધિર શાળાનાં દિવ્યાંગ બાળકો ખાસ ઉપસ્થિત રહૃાા હતા. આ અવસરે ઉપસ્થિત આમંત્રિત સર્વ વ્યક્તિઓનું આઈસ્કીમ દ્વારા મોં મીઠું કરાવી સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી તેમજ ત્રિરંગા લેપલ પિન અર્પણ કરી તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે સાયકલ રેલી પૂર્ણ કરી પધારેલ હનુમંત સાયકલ રાઈડર્સ ગ્રૂપનાં સભ્ય વિશાલભાઈ, રઘુભાઈ તથા વિરેનભાઈ તેમજ સમગ્ર ગ્રૂપનાં સભ્યઓં નીલકંઠ જવેલર્સ ખાતે પધાર્યા હતા, જયાં તેઓનું મેડલ અને સ્મૃતિભેટ અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે નીલકંઠ જવેલર્સનાં ઓનર કંદર્પભાઈ ધોળ કિયાએ પ્રેરક સંદેશ આપતાં જણાવ્યું હતુ કે, "આઝાદી એ માત્ર ઉત્સવ નથી પણ દેશ પ્રત્યે સમર્પિત થવાની પવિત્ર પ્રેરણા છે. સૌના હૃદયમાં રાષ્ટ્રભક્તિની જયોત સદાય પ્રજવલિત રહે તેવા આશયથી આ આયોજન કરાયું છે. આવો, આપણે સૌ સાથે મળી રાષ્ટ્રનાં વિકાસ અને પ્રગતિ માટે કટિબદ્ધ બની ભારત માતાનું ગૌરવ વધારીએ."

## જિલ્લા કક્ષાનાં નેશનલ સાયન્સ સેમિનાર માટે રજીસ્ટ્રેશન શરૂ

અમરેલી, તા. ૧૯

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગર્વમેન્ટ ઓફ ગુજરાત એવમ નેશનલ કાઉન્સીલ ઓફ સાયન્સ મ્યુઝીયમ, મીનીસ્ટ્રી ઓફ કલ્ચર, ભારત સરકારનાં સંયુકત ઉપક્રમે અમરેલી ડિસ્ટ્રીકટ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝીયમ અને બાલ ભવન ધ્વારા આયોજીત નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૬નું ઓનલાઈન રજીસ્ટ્રેશન ચાલુ થઈ ગયેલ છે.

સેમીનારનો મુખ્ય વિષય "Indian Energy Basket 2047 : Prospects and Challenge" (ભારતીય ઉર્જા બાસ્કેટ ૨૦૪૭ : સંભાવનાઓ અને પડકારો) છે.

ઉપરોકત સેમીનારમાં ધોરણ ૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓ સહભાગી થઈ શકશે.

ઉપરોકત નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૬માં મહત્મ શાળાનાં વિદ્યાર્થીઓ સહભાગી થવા અનુરોધ છે.

વિશેષ માહિતી માટે ડિસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિયમ અને બાલભવન, અમરેલીનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૮૧ | ૧૪૮૧ |
| ૨ | મગફળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૩ | ઘઉં | ૪૯૬ | ૫૨૦ |
| ૪ | ચણા | ૯૧૦ | ૯૧૦ |
| ૫ | રાઈ | ૧૫૦૧ | ૧૫૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૪૪૦ | ૨૧૧૦ |
| ૩ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૫૭૦ |
| ૪ | તલ કાળા | ૨૨૫૦ | ૩૬૦૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૨૪૦ | ૨૩૪૫ |
| ૬ | બાજરો | ૩૩૦ | ૪૨૫ |
| ૭ | જુવાર | ૫૭૦ | ૧૧૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૫ | ૫૭૦ |
| ૧૦ | મગ | ૧૦૦૦ | ૧૪૮૦ |
| ૧૧ | અડદ | ૧૪૦૦ | ૧૬૦૫ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૨૫૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૭૫ | ૧૨૦૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ૧૫ | છોલે ચણા | ૯૦૦ | ૯૦૦ |
| ૧૬ | તુવેર | ૯૭૦ | ૧૪૭૫ |
| ૧૭ | કપાસ | ૧૧૦૦ | ૨૦૩૫ |
| ૧૮ | એરંડા | ૧૨૯૦ | ૧૩૫૦ |
| ૧૯ | જીરૂ | ૩૭૮૦ | ૪૦૨૫ |
| ૨૦ | ધાણી | ૨૮૧૫ | ૩૧૩૫ |
| ૨૧ | અજમા | ૧૮૧૦ | ૨૪૬૦ |
| ૨૨ | મેથી | ૧૨૪૦ | ૧૩૭૦ |
| ૨૩ | સોયાબીન | ૧૨૨૦ | ૧૨૪૦ |
| ૨૪ | રજકાનું બી | ૯૦૦૦ | ૯૦૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં રખડતા પશુઓને

ચડતાં આખલાઓથી શહેરીજનોમાં ભયનો માહોલ ઉભો થાય છે. તો ઠંડી, ગરમીઅનેવરસતાવરસાદવચ્ચેજેનામાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ હોવાનું સૌ માનેછે તેવી ગૌમાતા ભટકતી રહે છે છતાં એકપણ ગૌપ્રેમી કે હિન્દુવાદી સરકારનાં જનપ્રતિનિધિ કે અધિકારીને ગૌમાતાને સલામતસ્થળેખસેડવાનીઉતાવળનથી.

શહેરમાં દિનપ્રતિદિન રખડતા પશુઓ જયાં ત્યાં ભટકીને પરેશાન થાય છે અને તેના લીધે શહેરીજનો પણ ચિંતિત હોય પાલિકાનાં શાસકો, ધારાસભ્ય, સાંસદ અને તમામ પક્ષોનાં આગેવાનો, સામાજિક સંસ્થાઓ અને અધિકારીઓએ ૭ કામ વિકાસનાં અન્ય પડતા મુકીને તમામ પશુઓને સલામતસ્થળેખસેડવાજોઈએતેવીમાંગ ઉભી થઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## ૮૦ લાખની છેતરપીંડી

રામભાઈ પરમાર વિગેરેની સંયુક્ત માલીકીની હેમાળ ગામના ખાતા નં. ૧૩૭ માં આવેલ રે.સ.નં.૧૮૩ પૈકી.૧ ની જમીન હે.આરે.ચોમી.૫–૦૨–૮૨ ની જમીનમાંથી આરોપી મનજીભાઈ પરમારના હીસ્સાની કુલ જમીન હે.આરે. ચોમી. ૨–૫૧–૪૧ કુવા સાથેની જમીનની ઉત્તર દિશાથી હે.આરે. ચો.મી.૧–૭૮–૦૬ જે કુલ–૧૧ વિઘા વેંચાણ સાથેનુ કબ્જા બાનાખત સાથેનો સોદો રૂપિયા ૮૦,૦૦,૦૦૦ માં વૃદ્ધ ખેડૂતે આરોપી મનજીભાઈ પરમાર સાથે કરેલ હતો. અને વૃદ્ધ ખેડૂતને આરોપીએ પોતાની હિસ્સાની જમીન પોતાના સ્વતંત્ર નામે ટ્રાન્સફર કરાવી તે જમીનમાંથી હે.આર. ચો.મી ૧–૭૮–૦૬ વાળીનો વેંચાણ દસ્તાવેજ કરી આપવાનુ કહી, આરોપીએ પોતાના સંયુક્ત નામે રેવન્યુ રેકર્ડ નોંધ નં.૨૧૫૭ ની વિગતે ટ્રાન્સફર કરાવી લઈ વૃદ્ધ ખેડૂત સાથે થયેલ સોદાવાળી જમીનમાંથી ખાતા નં. ૫૫૯ વાળી જમીન રૂપિયા ૧૫,૦૦,૦૦૦માં કમળાબેન નટુભાઈ ખુમાણ, (રહે. લુણસાપુર)ને ક્રમશઃ વેચાણ દસ્તાવેજ નં. ૫૧૭ તા.૨૭/૮/૨૪ તથા વેચાણ દસ્તાવેજ નં.૫૫૦ તા. ૨૧/૯/૨૪થી કરી દઈ અને વૃદ્ધ ખેડૂતની જાણ બહાર અને સહમતી વગર અન્યને વેંચાણ કરી વૃદ્ધ ખેડૂતને જમીનનો દસ્તાવેજ નહિ કરી આપી, આજદિન સુધી વાયદાઓ કરી ખેડૂતના બાનાની કુલ રકમ રૂપિયા ૮૦,૦૦,૦૦૦ બદઈરાદાથી ઓળવી જઈ અન્યને દસ્તાવેજ કરી આપી વૃદ્ધ ખેડૂત સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૪૦ | ૧૭૭૫ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૨૭૦ |
| ૩ | તલ કાળા | ૧૮૭૦ | ૨૨૯૦ |
| ૪ | જીરૂ | ૩૦૫૦ | ૩૭૭૦ |
| ૫ | ચણા | ૧૧૨૦ | ૧૨૧૦ |
| ૬ | ઘઉં | ૪૮૧ | ૫૪૦ |
| ૭ | મગ | ૧૨૪૦ | ૧૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૨૫ | ૧૪૧૧ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૪૬ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૩૪૮૩ |
| ૪ | જીરૂ | ૩૧૦૦ | ૩૯૦૦ |
| ૫ | કપાસ | ૧૫૭૫ | ૧૯૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૬૦ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૧૧૪૫ |
| ૧૦ | મગ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૧૧ | ચણા | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ૧૨ | તુવેર | ૧૩૦૦ | ૧૫૦૬ |

પાના ૧ ઉપરનું ચાલું

## વ્હેલી સવારથી મોડી રાત્રિ સુધી

સમક્ષરજૂઆતકરેલઅનેએકસમયે રાજયમંત્રી કૌશિક વેકરિયાએ પણ નાગરિકઉડયનમંત્રીનેપત્ર પાઠવેલ છતાં હજુ સુધી સમસ્યાનું સમાધાન થયું નથી.

શહેરમાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ રહે, પાયલોટને હવાઈ તાલીમ પણ આપવામાં આવે તેનો કોઈને વાંધો ન હોય શકે પરંતુ, તાલીમનો સમય સવારનાં ૮થી બપોરનાં ૧ અને સાંજના ૪ થી રાત્રિનાં ૧૦ સુધી રાખવો જોઈએ. સતત વ્હેલી સવારથી લઈને મોડી રાત્રિ એટલે કે ૧૬થી ૧૮ કલાક સુધી ૩થી ૪ જેટલા ટચુકડા વિમાનો અવરજવર કરતાં હોવાથી બાળકો, વૃધ્ધો અને બીમાર વ્યકિતઓ તેમજ અભ્યાસ કરતાં બાળકો સહિત સૌ કોઈનો શાંતિનો અધિકાર છીજવાઈ રહૃાો હોય સાંસદ સુતરીયાએ અમરેલી પંથકનીર લાખનીજનતાની વ્યથાદિલ્હીદરબારમાંરજૂકરીનેતેનું નિરાકરણ કરાવવું જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલામાં ચર્ચમાં રહેતા

નુકસાન તથા આગ લગાડવાના ઈરાદાથી પોતાના હાથમાં તલવાર તથા જવલંતશીલ પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકના કેન સાથે ચર્ચમા ગેરકાયદેસર પ્રવેશ કરી ચર્ચમાં રહેતા મધર તથા અન્યને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી પોતાની સાથે કેનમાં ભરેલ જવલંતશીલ પ્રવાહી ચર્ચની અંદરના હોલમા રાખેલ સોફાસેટ, ટેબલ, ચાર – પાંચ જેટલી પ્લાસ્ટીકની ખુરશીઓ, બે પલંગ, બારીના પડદા તથા અન્ય સરસામાનમા જવલંતશીલ પ્રવાહી છાંટી દિવાસળી વડે આગ લગાવી ચર્ચામાં આશરે રૂપીયા પચાસેક હજારનુ નુકસાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા ગામે રહેતા આરોપી ઉદયભાઈ હરસુરભાઈ ખુમાણ નામના ઈસમે ગત તા.૧૮ના રોજ ૧૧ વાગ્યાના સમયે સાવરકુંડલા ગામે મહુવા રોડ આઈ.ટી.આઈ.ની ખ્રીસ્તી ધર્મનુ ધર્મસ્થાન ધ પેન્ટેકોસ્ટલ મિશન (THE PENTECOSTAL MISSION) નામનુ ચર્ચ આવેલ હોય તે ચર્ચમાં હુમલો, નુકશાન તથા આગ લગાડવાના ઈરાદાથી આરોપીએ પોતાના હાથમાં તલવાર તથા જવલંતશીલ પ્રવાહી ભરેલ પ્લાસ્ટીકના કેન સાથે ચર્ચમા ગેરકાયદેસર પ્રવેશ કરી હાલ સાવરકુંડલા ગામે મહુવા રોડ, આઈ.ટી. આઈ. કોલેજ પાસે, ધ પેન્ટેકોસ્ટલ મીશન ચર્ચમાં રહેતા અને મુળ પંજાબના વતની લીડીયા શીંદા મસીહ રાની (Lydia Shinda Mesih Rani) નામના ૪૭ વર્ષીય મધર તથા અન્યને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી પોતાની સાથે કેનમાં ભરેલ જવલંતશીલ પ્રવાહી ચર્ચની અંદરના હોલમા રાખેલ સોફાસેટ, ટેબલ, ચાર–પાંચ જેટલી પ્લાસ્ટીકની ખુરશીઓ, બે પલંગ, બારીના પડદા તથા અન્ય સરસામાનમા જવલંતશીલ પ્રવાહી છાંટી દિવાસળી વડે આગ લગાવી ચર્ચામાં આશરે રૂપીયા પચાસેક હજારનુ નુકશાન કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૪૬૫ | ૧૬૪૫ |
| ૨ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૨૨ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૮૯૦ |
| ૮ | સોયાબીન | ૧૦૦૦ | ૧૨૦૪ |
| ૯ | તલ કાળ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૧૦ | ધાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૯૫ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા છોલે | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૫૦ | ૧૧૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## નદીમાંથી થતી ચોરી ઝડપાઈ

થતી હોવાની ખાણ–ખનીજ વિભાગને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદના અનુસંધાને ખાણ–ખનીજ વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન મેડી અને નાના માંડવાળા ગામની શેત્રુંજી નદીમાં લોડર, ટ્રેકટર અને ડમ્પર મારફતે રેતીનું ખનન અને પરિવહન થતું હોવાનું સામે આવતા ખાણ–ખનીજ વિભાગની ટીમે દરોડો પાડયો હતો. વિભાગની ટીમ સ્થળ પર પહોંચતા ખનીજ માફિયાઓમાં દોડધામ મચી હતી.

આ દરોડા દરમિયાન ખનીજ માફિયાઓએ ખાણ–ખનીજ વિભાગના કર્મચારીઓને ધમકી આપી હોવાનું જાણવા મળ્યું છે. બાદમાં લોડર અને ટ્રેકટર લઈને ખનીજ માફિયાઓ સ્થળ પરથી નાસી છૂટયા હતા. જોકે, ખાણ–ખનીજ વિભાગની ટીમે એક ડમ્પર ઝડપી પાડી તેને સીઝ કરી દીધું હતું.

આ સમગ્ર મામલે ખાણ–ખનીજ વિભાગ દ્વારા ખનીજ માફિયાઓ સામે પોલીસ ફરિયાદ આપવામાં આવી છે. શેત્રુંજી નદીમાંથી થતી ગેરકાયદેસર રેતી ચોરી સામે ખાણ–ખનીજ વિભાગ દ્વારા વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## –: જાહેર નોટિસ :–

અમો નીચે સહી કરનાર એડવોકેટ આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ અમરેલી જિલ્લા તાલુકાના ગીરીયા ગામે રેવન્યુ સ.નં.૪૨ પૈકી ૩ ની હે.૧–૫૮–૧૬ ની એકશ્રી **અશરફઅલી અકબરઅલી સૈયદ**, રહે. ગીરીયા, તા.જી.અમરેલીવાળાની તેમના સ્વતંત્ર ખાતે ખાતા નં.૨૩૦ થી ચાલતી ખેતીની જમીન જે તેમના સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાની કોઈપણના કોઈપણ જાતનાં લાગભાગ કે હક્ક હીસ્સા વિનાની તદન ચોખ્ખી અને માર્કેટેબલ સ્થિતિવાળી જેમાં તેઓ પોતાની ખેતી કરી ઉપજ નીપજ લેતા આવે છે. અને તેમાં કોઈના કોઈપણ રીતે હક્કહીત સંબંધ વિનાની જુની શરતની છે તે જમીન વેચાણ લેવાનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. તેથી તેવી મિલ્કતમાં કોઈ વ્યકિત, સહકારી મંડળી, બેંક કે સરકારી / અર્ધસરકારી સંસ્થા એસાઈનીઓ કે વારસદારોનો કોઈપણ રીતે હક્કહીત સંબંધ કે કોઈ લાગભાગ કે કરબોજો, લેણું, કરજ, બોજો, ગીરો, લીઅન, અગ્રહક્ક કે કોઈ કરારથી પ્રાપ્ત થતા હક્ક હોઈ કે તે મિલ્કત અંગેના કોઈને કુલમુખત્યારનામા મળેલ હોઈ કે તેના આધારે કોઈ કરાર કે વ્યવહાર કરેલ કરાવેલ હોઈ કે કોઈને અન્ય કોઈ વાંધા તકરાર હોઈ તો અમોને દિન–૧૪ માં નીચેના સરનામે આધાર પુરાવાઓ સાથે પોતાના વાંધાઓ મોકલવા આથી લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે. જો તેવા કોઈ વાંધા કે તકરાર સમય મુદતમાં રજુ થશે નહિ તો તેવી મિલ્કત તદન ચોખ્ખા ટાઈટલની અને માર્કેટેબલ સ્થિતિમાં છે. તેમ માની અમારા અસીલ તેનો વેચાણ દસ્તાવેજ કરી, કબ્જો સંભાળી લેશે તે પછી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ અને કોઈનાં હક્કહીત સંબંધ, કરાર, બોજો હશે તો તે તેઓએ જતા (વેવ) કરેલ છે. તેમ ગણાશે અને અમારા અસલની કે તેવી જમીનની તે પછી તેવા કોઈના કોઈ હક્કહીત કરાર, બોજા વગેરે માટે કોઈ જવાબદારી રહેશે નહિ તેની લાગતા વળગતાએ ગંભીર નોંધ લેવી.

તા.૧૬/૦૮/૨૦૨૬

અમારા મારફત
અમોના અસીલની સુચના મુજબ

**ઓફીસ :–**
ઠે. ૨૦૪, ગિરધરભાઈ સંગ્ર.શો.સેન્ટર,
બીજા માળે, હેડપોષ્ટ ઓફીસ સોમ, અમરેલી

**સૂર્યકાન્ત એ. વિસાણી**
એડવોકેટ ( ગુજરાત હાઈકોર્ટ )
મો. ૯૪૨૬૬ ૨૪૮૪૮

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૫૦૦ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૫૦ |
| ૪ | કપાસ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૫૩૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૬૪ |
| ૭ | જુવાર | ૫૭૧ | ૧૨૧૧ |
| ૮ | અડદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૯ | ચણા | ૧૦૭૨ | ૧૩૦૦ |
| ૧૦ | જીરૂ | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૧૧ | ધાણા | ૨૭૦૧ | ૨૭૦૧ |
| ૧૨ | મેથી | ૧૪૨૫ | ૧૪૨૫ |

## દુબઈ સ્થિત મહેતા પરિવારનાં રૂપિયા ૧.૫ કરોડનાં માતબર અનુદાનથી

# ભૈ વાહ : અમરેલીનાં વરસડામાં ૧૦૦ એકર જમીનમાં 'સંજીવ વન'નું નિર્માણ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ હાજરીમાં ૫ હજાર વૃક્ષોથી સજજ ''સંજીવ વન''નું થયું લોકાર્પણ**

**વિદેશમાં સ્થાયી થયેલ વતન પ્રેમી પરિવારનું પર્યાવરણલક્ષી ઉમદા કાર્ય**

**દરેક વૃક્ષને પીંજરા સાથે ૩ વર્ષ સુધી પાણી આપવાની અને જાળવણી કરવાની જવાબદારી સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ નિભાવશે**

**વરસડા ગામે ૨૫૦ એકર વિસ્તારમાં ૧૨ હજારથી વધુ વૃક્ષ ઉછેરવાનું લક્ષ્ય નક્કી કરાયું છે**










અમરેલી, તા. ૧૯

અમરેલીના વરસડા ગામમાં દુબઈ સ્થિત સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારના ૧.૫ કરોડના માતબર અનુદાનથી ૧૦૦ એકર વિસ્તારમાં ''સંજીવ વન''નું નિર્માણ કરી ૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. દરેક વૃક્ષને પીંજરા સાથે ત્રણ વર્ષ સુધી નિયમિત પાણી આપવાની, જાળવણી કરવાની, રક્ષણ આપવાની અને વૃક્ષોના યોગ્ય ઉછેરની જવાબદારી નિભાવવામાં આવશે. પર્યાવરણ સંરક્ષણ, અમરેલી જીલ્લાની ધરતીને હરિયાળી કરવા અને આવનારી પેઢીઓ માટે સ્વચ્છ તથા સમૃદ્ધ કુદરતી વાતાવરણ ઊભું કરવાના હેતુથી દાતાના સહયોગથી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અમરેલી જિલ્લાના વરસડા ગામમાં વિશાળ વૃક્ષારોપણ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે. વિદેશમાં હોવા છતા માં ભારતીને લીલી ઓઢણી ઓઢાડવાના ઉમદા મનોરથ સાથે સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારનું પર્યાવરણ લક્ષી સત્કાર્ય કરવામાં આવ્યું.

સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારના પર્યાવરણલક્ષી સત્કાર્યના કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી કૌશિકભાઈ વેકરિયા સહિત અનેક આગેવાનો, પર્યાવરણ પ્રેમીઓ અને સેવાભાવી વ્યકિતઓએ ઉપસ્થિત રહી આ પર્યાવરણલક્ષી અભિયાનને પ્રોત્સાહન આપ્યું હતું.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અમરેલી જીલ્લાના વરસડા ગામમાં ૨૫૦ એકર વિસ્તારમાં ૧૨,૦૦૦થી વધુ વૃક્ષો ઉછેરવાનું લક્ષ્ય છે. જે પૈકી વરસડા ગામમાં અત્યાર સુધીમાં આશરે ૧૦૦ એકર વિસ્તારમાં ૫,૦૦૦ વૃક્ષોના વાવેતરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. વૃક્ષારોપણ દ્વારા અમરેલી જીલ્લામાં હરિતક્રાંતિ સર્જાશે. પ્રથમ તબક્કામાં દાતાઓના ૧.૫ કરોડના માતબર અનુદાનથી ૫,૦૦૦ વૃક્ષો વાવવાનું કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે.

૨૫૦થી વધુ કર્મચારીઓની ટીમ દ્વારા માત્ર ૭ દિવસના ટુંકા ગાળામાં ૧૦૦ એકર વિસ્તારમાં ૧૫થી વધુ મશીનરી, જેમાં જેસીબી, ટ્રેક્ટર, પાણીના ટેન્કર, પીકઅપ, બોલેરા સહિતનાં વાહનોનો ઉપયોગ કરી આ વિશાળ કામગીરીને ખુબજ ખંત પૂર્વક જડપથી પૂર્ણ કરવામાં આવી છે.

આ કામગીરીની વિશેષતા એ છે કે દરેક વૃક્ષને માત્ર વાવીને છોડી દેવામાં આવશે નહીં, પરંતુ તેની સુરક્ષા અને લાંબા ગાળાના ઉછેરની સંપૂર્ણ જવાબદારી પણ સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા લેવામાં આવી છે. માત્ર વૃક્ષારોપણ કરવું પૂરતું નથી, પરંતુ વાવેલા વૃક્ષને જીવંત રાખી તેને મોટું અને સ્વસ્થ વૃક્ષ બનાવવું એ સાચી પર્યાવરણ સેવા છે. દેશી અને લાંબું આયુષ્ય ધરાવતા વૃક્ષોને પ્રાધાન્ય વરસડા ગામના આ હરિત પ્રકલ્પમાં મુખ્યત્વે દેશી તથા લાંબુ આયુષ્ય ધરાવતા વૃક્ષોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

પીપળો, વડલો, ઉમરો, લીમડો, કરંજ, અર્જુન, ખાટી આંબલી, બેહડા, જાંબુડા, રાવણા સહિત અનેક દેશી વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. આ વૃક્ષો પર્યાવરણનું સંતુલન જાળવવા ઉપરાંત પક્ષીઓ અને અન્ય જીવસૃષ્ટિ માટે ખોરાક, આશ્રય અને કુદરતી નિવાસસ્થાન ઊભું કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ સંકલ્પ અંતર્ગત અત્યાર સુધીમાં સમગ્ર ગુજરાતમાં ૧ કરોડ ૪૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. એક વૃક્ષનું વાવેતર, પીંજરા, ત્રણ વર્ષ સુધી નિયમિત પાણી, જાળવણી અને ઉછેરવાની સંપૂર્ણ જવાબદારી સંસ્થા નિભાવશે. આમાંથી ૬૦ લાખથી વધુ વૃક્ષો પીંજરા સાથે સુરક્ષિત રીતે ઉછેરવામાં આવ્યા છે. સદભાવના વૃદ્ધાશ્રમ પાસે હાલમાં આશરે ૭૫૦ ટ્રેકટર તથા ૭૫૦ ટેન્કરની વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ ઉપરાંત સમગ્ર કામગીરી માટે આશરે ૪,૦૦૦ પગારદાર કર્મચારીઓની ટીમ કાર્યરત છે.

દાતા સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા (દુબઈ)ના સહયોગ, સદભાવના વૃદ્ધાશ્રમની સેવાભાવના અને સમાજની સહભાગીદારીથી વરસડા ગામમાં શરૂ થયેલું આ હરિત અભિયાન ભવિષ્યમાં સમગ્ર ગુજરાત માટે પર્યાવરણ સંરક્ષણનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યું છે.

એક વૃક્ષનું પીંજરા સાથે વાવેતર કરી ત્રણ વર્ષ સુધી જાળવણી અને ઉછેર કરવાનો કુલ ખર્ચ રૂા. ૩,૦૦૦ થાય છે.

---

### સ્થાનિક નગર સેવકોની જહેમતથી

## અરે વાહ : બાબરાનાં વોર્ડ નં.-૧ માં ભુગર્ભગટર અને પાણીનો પ્રશ્ન દુર

**સ્થાનિકોમાં રાહતની લાગણી ફરી વળી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા.૧૯

બાબરા નગરપાલિકાના વોર્ડ નં.૧ના જીવનપરા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ભૂગર્ભ ગટર તેમજ પીવાના પાણીની લાઈનમાં સર્જાયેલી સમસ્યાના કારણે સ્થાનિક રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. સમસ્યાની જાણ થતાં વોર્ડના સભ્યો દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરી રહીશોને રાહત અપાવવામાં આવી હતી.


વોર્ડ નં. ૧ના સભ્ય તથા નગરપાલિકાના ઉપપ્રમુખ યજ્ઞેશ શુકલ તેમજ સભ્ય જગદીશભાઈ વાવડીયા અને ભીખુભાઈ બગડા દ્વારા પાલિકાના ભૂગર્ભ ગટર અને પાણી વિભાગના સ્ટાફને સ્થળ પર બોલાવી જરૂરી કામગીરી શરૂ કરાવવામાં આવી હતી. પાલિકાની ગ્રેનેડ મશીનની મદદથી કલાકોની જહેમત બાદ ગટરની સમસ્યાનું નિવારણ કરવામાં આવ્યું હતું તેમજ પાણીની લાઈનમાં સર્જાયેલી સમસ્યાને પણ દૂર કરી વ્યવસ્થા પૂર્વવત કરવામાં આવી હતી.

વોર્ડના પ્રતિનિધિઓ દ્વારા માત્ર તાત્કાલિક રાહત પૂરતી કામગીરી ન કરતાં ગટર તથા પાણીની લાઈનમાં વારંવાર સર્જાતી સમસ્યાના કાયમી ઉકેલ માટે પણ જરૂરી કામગીરી કરાવવામાં આવતા સ્થાનિક રહીશોમાં રાહતની લાગણી પ્રસરીહતી.

સ્થાનિક રહીશોએ તાત્કાલિક કામગીરી હાથ ધરી સમસ્યાનું નિરાકરણ લાવવા બદલ વોર્ડના સભ્યો તથા નગરપાલિકાના સંબંધિત વિભાગના કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

## હાથસણી ગામે શિવભક્તો માટે શ્રદ્ધાનું ધામ શ્રી જશોનાથ મહાદેવ મંદિર



સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના હાથસણી ગામે આવેલ ભકતોની અતૂટ શ્રધ્ધાનું ધામ એવું પ્રાચીન ''શ્રી જશોનાથ મહાદેવ'' મંદિરની સ્થાપના લગભગ ઈસ. ૧૮૬૦ આજુ બાજુ કરવામાં આવેલ. એક સમયનાં બહારવટિયા અને નેકી ટેકી, વટ, વચન, અને ક્ષાત્ર ધર્મ માટે જાણીતા એવા જતી પુરૂષ શ્રી જોગીદાસબાપુ ખુમાણના સગા કાકાના દીકરીબેન એવા આઈ જસુબાઈમાં દ્વારા જે તે સમયે પોતાનાં એકમાત્ર ભાઈ ભોકાબાપુ ખુમાણની કાયમી સ્મૃતિ જળવાઈ માટે આ શિવાલયનું નિર્માણ કરાવાયેલ. જે તે સમયે મંદિરના નિર્માણ સાથે એક ચમત્કારીક ઘટના જોડાયેલ છે. જે ઘટનાને પેઢી દર પેઢી આજે પણ લોકો ભૂલ્યા નથી. જે તે સમયે નૂતન મંદિરના બાંધકામ વખતે મંદિર ઉપર મુકવામાં આવેલ પાષાણ કળશ ચડાવતી વખતે અચાનક જ વિઘ્ન આવેલ. અને મંદિર નિર્માણનું કામ અટકી ગયેલ. પરંતુ શિવ ઉપાસક આઈ જશુબાઈમાં ની દેવાધિદેવ મહાદેવ પ્રત્યેની અતૂટ ભાવભકિત, શ્રદ્ધા, થકી આવેલ વિઘ્ન કોઈ દૈવીય ચમત્કારીક રીતે દૂર થયેલ. અને નૂતન મંદિરનું કાર્યપૂર્ણ થયેલ. જેની સાથે ચમત્કારિક ઘટના જોડાયેલ છે. તે પાષાણ કળશ આજે પણ મંદિર ઉપર વર્ષોના વ્હાણા બાદ એજ સ્થિતિમાં દ્રષ્ટમાન થાય છે. ઈસ. ૧૯૭૫માં પ્રસિદ્ધ લોકવાર્તાકાર સ્વ. કાનજીભાઈ બારોટે (શ્રી કાનજી ભુટ્ટા બારોટ) દ્વારા જે તે સમયે ઉપરોકત મંદિર સાથે જોડાયેલ ચમત્કારીક ઘટનાને લોકકથા રૂપે આકાશવાણી અમદાવાદ પરથી પોતાની આગવી શૈલીમાં રજુ કરેલ. ભવ્ય ભૂતકાળના ગૌરવવંતા ઈતિહાસની સાક્ષી પૂરતુ 'શ્રી જશોનાથ મહાદેવ મંદિર' આજે પણ હાથસણી ગામે ચોક વિસ્તારમાં ભાવિક ભકતો માટે આસ્થાના કેન્દ્ર તરીકે અડીખમ ઉભુ છે. ખુમાણ દિલુભાઈ એમ. હાથસણી દ્વારા જણાવવામાં આવેલ છે.

---

## બગસરા જુથ વિકાસ મંડળીની વાર્ષિક ૭૨મી સાધારણ સભા મળી




તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા જુથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. બગસરાની ૭૨મી વાર્ષિક સાધારણ સભા લેઉવા પટેલ સમાજ ગોકુળપરા બગસરા ખાતે રાખવામાં આવેલ તેમાં ચેરમેન અમરેલી જીલ્લા સહકારી સંઘ મનીષભાઈ સંઘાણી, પ્રદેશ ભાજપ કીસાન મોરચાનાં પ્રમુખ હીરેનભાઈ હીરપરા, અમરેલી જીલ્લા બેંકનાં સી.ઈ.ઓ. બી.એસ.કોઠીયા, મંડળીનાં પ્રમુખ વિઠલભાઈ હિરાણી, ઉપપ્રમુખ ભીખુભાઈ ટીંબડીયા, મંત્રી રવિકુમાર લુણાગરીયા, સમગ્ર વ્યવસ્થાપક કમીટી સભ્યો, કર્મચારી સ્ટાફ. નગરપાલિકાનાં પ્રમુખ નીરવભાઈ ગોંડલીયા, કાંતિભાઈ સતાસિયા, એવી રીબડીયા તેમજ બહોળી સંખ્યામાં શેર સભાસદ ભાઈઓ તેમજ બહેનો હાજર રહેલ વાર્ષિક સાધારણ સભા શરૂ કરતા પહેલા મંડળીનાં સ્થાપક સ્વ.અરજણભાઈ વેલજીભાઈ પટેલને હાર પહેરાવી શ્રધ્ધાંજલી આપવામાં આવી. ત્યારબાદ દિપ પ્રાગટય કરી વાર્ષિક સાધારણ સભાની શરૂઆત કરવામાં આવી, સૌ પ્રથમ મંડળીનાં પ્રમુખ તેમજ સાધારણ સભાનાં અધ્યક્ષ વિઠલભાઈ હિરાણી દ્વારા આવેલ મહેમાનોનું તથા સભાસદોનું શબ્દો દ્વારા આવકારી સ્વાગત કરેલ. ત્યારબાદ આમંત્રીત મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ મંડળીનાં મંત્રી રવિકુમાર લુણાગરીયા દ્વારા એજન્ડા મુજબની કામગીરીની શરૂઆત કરવામાં આવી અંતમાં મંડળીનાં ઉપપ્રમુખ ભીખુભાઈ ટીંબડીયા દ્વારા આભારવિધી કરી સાધારણ સભા પુરી કરવામાં આવી, સાધારણ સભાનું સુંદર સંચાલન મંડળીનાં પુર્વ પ્રમુખ વીનુભાઈ ઘાડીયા દ્વારા કરવામાં આવેલ. તેમ મંત્રી રવિભાઈ લુણાગરીયાની યાદીમાં જણાવેલ છે.

---

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે શ્રાવણ માસ નિમિત્તે શિવ મહાપૂજાનો શુભારંભ



ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સોમનાથ મહાદેવ મંદિરમાં શિવ મહાપૂજાનો ભક્તિભાવપૂર્વક શુભારંભ કરવામાંઆવ્યો છે. પ્રથમ દિવસે સંસ્થાના વડા પ.પૂ. સંત ડો. રતિદાદા, ભારત ભૂષણ મહેશભાઈ, ડાયરેકટર શીતલબેન, સર્વ શિક્ષકો, સ્ટાફગણ તથા શિવભક્તો મહાપૂજાનો લાભ લઈ રહ્યા છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન દરરોજ મહાપૂજા, આરતી અને વિશેષ શણગાર કરવામાં આવેછે. શાસ્ત્રી સનતદાદા દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી મહાપૂજા કરવામાં આવી રહી છે. ભક્તજનો ભગવાન શિવના દર્શન કરી પૂજા-અર્ચનાનો લાભ લઈ શકે તે માટે ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાંઆવી છે. ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા સમગ્ર ચલાલા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના શિવભક્તો અને શ્રદ્ધાળુઓને સોમનાથ મહાદેવના પાવન દર્શન કરવા તથા શ્રાવણ માસ દરમિયાન યોજાનારી મહાપૂજા, આરતી અને ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.





## વિકાસનાં અન્ય કામ ૩ મહિના માટે બંધ કરીને રખડતા પશુઓની સમસ્યા દૂર કરો

# ભાઈ સા'બ : અમરેલીમાં રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડો

**શહેરનાં તમામ પક્ષનાં આગેવાનો તેમજ અધિકારીઓ સંયુક્તપણે અતિ ગંભીર સમસ્યાનું નિરાકરણ કરે**

**ન્યાયાલય દ્વારા અવારનાર તાકીદ કરવામાં આવતી હોવા છતાં સમસ્યા દૂર કરાતી નથી**

**રખડુ શ્વાન, સરાજાહેર યુદ્ધ ખેલતા આખલાઓ અને ટોળે વળતી ગાયને લઈને વ્યાપક પરેશાની**

**રખડતા પશુઓ પણ પરેશાન અને તેના લીધે શહેરીજનો ઉપર સતત આફત હોય કાર્યવાહી જરૂરી**



અમરેલી, તા. ૧૯


અમરેલી શહેરનાં દોઢ લાખ કરતા વધુ શહેરીજનો છેલ્લા દોઢથી બે દાયકાથી રખડુ શ્વાન, યુધ્ધે ચડતા આખલાઓ અને ગંદકી ફંફોળતી ગૌમાતા અન. તેના કારણે થતાં અકસ્માતથી પરેશાન થઈ ચુકયા હોય ન્યાયાલય ધ્વારા પણ રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા તાકીદ કરવામાં આવતી હોવા છતાં પણ સ્થાનિક તંત્ર જનતા માટે માથાના દુઃખાવારૂપ બનેલ સમસ્યાનું નિરાકરણ કરતા નથી.

અમરેલી શહેરમાં અંદાજિત ૧ હજાર જેટલા રખડુ શ્વાનનાં ટોળે ટોળા રહેણાંક ગલીથી લઈને જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવતા હોય કે બાળકો, વૃધ્ધો અને મહિલાઓની પાછળ દોડ લગાવતાં હોય કે અવારનવાર બચકા પણ ભરતાં હોય તો દિવસ-રાત ભસી-ભસીને શહેરીજનોની શાંતિને ખલેલ પહોંચાડી રહ્યા છે.

તદુપરાંત, શહેરનાં જાહેર માર્ગો પર અવારનવાર યુધ્ધે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## શ્રી સોમનાથ મહાદેવનો વિશેષ ઓમકાર શૃંગાર



શ્રી સોમનાથ મહાદેવને પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત વિશેષ ''ઓમકાર દર્શન'' શૃંગારથી શૃંગારિત કરાયા હતા. ચંદન, ભસ્મ અને પુષ્પોથી મહાદેવના ઓમકાર સ્વરૂપના દર્શન ભકતોને કરાવવામાં આવ્યા હતા.
















### કોઈ અગમ્ય કારણોસર આરોપી દ્વારા

# સાવરકુંડલામાં ચર્ચમાં રહેતા મધર તથા અન્યને જાનથી મારી નાખવાની ધમકી

**જવલંતશીલ પ્રવાહી સાથે આરોપીએ પ્રવેશ કર્યો**

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા ગામે મહુવા રોડ, આઈ.ટી. આઈ. કોલેજ પાસે, ધ પેન્ટેકોસ્ટલ મિશન ચર્ચમાં તે જ ગામે રહેતા એક આરોપીએ હુમલો,

**અનુસંધાન પાના ૬ ઉપર**






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)